## રજા પ્રવાસ રાહતની / વતન પ્રવાસ રાહતની સવલતની સ્પષ્ટતા અંગે

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવક્રમાંક : મસભ-202008-1065-ચ
સચિવાલય, ગાંધીનગર, તા.28-4-2008

વંચાણે લીધા : (1) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-1099-1253-ચ, તા.11-10-'99
(2) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-1090-1058-જ, તા.30-7-'90.
(3) નાણાં વિભાગનો ઠરાવક્રમાંક : મસભ-102007-1065-ચ, તા.8-6-'07

ઠરાવ :

નાણાં વિભાગના તા.8-6-'07 ના ઠરાવક્રમાંક : મસભ-102007-1065-ચ અન્વયે રાજ્યસરકાર દ્વારા રાજ્યના કર્મચારી / અધિકારીશ્રીઓને રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસ રાહતની મોકૂફ રાખવામાં આવેલ સવલત પુનઃ શરૂ કરવામાં આવેલ છે. આ ઠરાવના સંદર્ભમાં નીચે મુજબની સ્પષ્ટતાઓ કરવાનું ઠરાવવામાં આવે છે.

(1) રાજ્યસરકાર દ્વારા રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહતનો લાભ બ્લૉક વષ 2004-2007 થી પુનઃ શરૂ કરવામાં આવેલ છે. નાણાં વિભાગના તા.11-10'99 ના ઠરાવની જોગવાઈઓ મુજબ બ્લૉક વર્ષ 2004-'07 ના બ્લૉકવર્ષનો લાભ ડિસેમ્બર, 2008 સુધી કર્મચારીઓ / અધિકારીઓ ભોગવી શકશે. આમ, નાણાં વિભાગના વંચાણમાં લીધેલ તા.8-6-'07 ના ઠરાવની ફકરા-5 ની જોગવાઈ મુજબ તા.11-10-'99ના ઠરાવની જોગવાઈ યથાવત્ રહે છે.

(2) નાણાં વિભાગના ઠરાવક્રમાંક : મસભ-1090-1058-જ, તા.30-7-'90 અન્વયે વાહન સિવાયનાં અન્ય વાહનોનાં રજા પ્રવાસ રાહત / વતન પ્રવાસનો રાહતનો લાભ મેળવવાની છૂટ આપવામાં આવેલ હતી તે રદ કરવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, એચ. ડી. સેઈલર
ઉપસચિવ, નાણાં વિભાગ